હરિ નજર - ખરી નજર

સામું ના જોઈશ ! નકડી આ છોકરી પોલીસની એન્ટી રોમિયો સ્કવોડમાંથી આવી લાગે છે. જો... એ દાંડિયાની જગ્યાએ લાકડી લઈને ગરબે રમે છે !

જગત જનની મા અંબાનો રથ આજે સાંજે કલ્ચરલ ફોરમના આંગણામાં પધારશે

નગરની કલા સંસ્થાઓના અગ્રણીઓ સાથે સંસ્થાની ફળદાયી બેઠક

ગરબા રાત્રે ૯ કલાકે શરૂ કરી ૧૨ કલાકે આટોપી દેવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત્રીના આયોજનની સઘળી તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે અને આવતીકાલે પહેલા નોરતે સાંજે મા અંબાનો રથ વાજતેગાજતે ગરબા ગ્રાઉન્ડમાં પ્રવેશ કરશે.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ઉજવવામાં આવતી સંસ્કારપૂર્ણ નવરાત્રીના આયોજનમાં જય અંબે પરિવાર પણ સહભાગી બની ગયો છે. જય અંબે પરિવાર એટલે ભાદરવી પુનમ નિમિત્તે ભાવપૂર્વક અંબાજી પદયાત્રા કરતો ગાંધીનગરનો ભાવિક અને પુરાણો સંઘ. આ સંઘ માતાજીના જે રથને પોતાની સાથે અંબાજી લઈ જાય છે એ રથની પ્રતિષ્ઠા કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં કરવામાં આવે છે. આમ, ભક્તો સાથે અંબાજી જઈ આવેલા માતાજીના રથના માધ્યમથી માતાજીના આશીર્વાદ કલ્ચરલ ફોરમના ગ્રાઉન્ડમાં અને ગ્રાઉન્ડમાં પધારતા દરેક ભાવિક-ગરબા રસિકને મળી રહે એવો સંસ્થાનો આશય છે. આ રીત હવે પરંપરા બની ચૂકી છે.

આ પરંપરાને જાળવતાં આ નવરાત્રી દરમ્યાન પણ જય અંબે પરિવાર દ્વારા તૈયાર કરવામાં આવેલો મા અંબાનો રથ ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રાઉન્ડમાં સ્થાપિત કરવામાં આવશે. આવતીકાલે સાંજે સાડા પાંચ કલાકે આ રથ શક્તિ ચૉક, સૅક્ટર-૧૩ બી ખાતેથી ૧૦૦ ભાવિકો સાથે પ્રસ્થાન કરશે અને સૅક્ટર-૧૩ સીમાંથી પસાર થઈ ગ રોડ ઉપર આવશે. એ પછી મહાત્મા મંદિર પાસેથી પસાર થઈ રથ સાથે ભાવિકો ઘ-૪ પહોંચશે જ્યાં અન્ય ભાવિકો દ્વારા રથનું સામૈયું કરવામાં આવશે. એ પછી સૌ ભેગા મળીને ટાઉન હૉલ પાસેના સર્વિસ રોડ પર થઈ ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં પહોંચશે. ગ્રાઉન્ડમાં પહોંચ્યા પછી માતાજીની આરતી કરવામાં આવશે, પ્રસાદ વહેંચવામાં આવશે અને પછી સમગ્ર નવરાત્રી દરમ્યાન રથ આ ગ્રાઉન્ડમાં જ રહેશે. ભાવિકો ગ્રાઉન્ડમાં પ્રવેશ સમયે આ રથનાં દર્શન કરી શકે એવી વ્યવસ્થા સંસ્થા દ્વારા કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગઈકાલે નગરમાં ચાલતી કલા સંસ્થાઓના અગ્રણીઓ સાથે એક ફળદાયી બેઠક યોજવામાં આવી હતી અને ગરબા ૯ કલાકે શરૂ કરી ૧૨ કલાકે આટોપી લેવાના નિર્ણય બાબતે જાણ કરવામાં આવી હતી. કલા સંસ્થાઓના સઘળા અગ્રણીઓએ આ નિર્ણયને પૂર્ણ સમર્થન આપ્યું હતું અને પોતાના ખેલૈયાઓ સાથે વહેલા ગ્રાઉન્ડ ઉપર પહોંચવાની સંમતિ આપી હતી.

આવતીકાલે પ્રથમ નોરતે સાંજે ૮-૩૦ કલાકે સમદર્શન આશ્રમનાં પૂજ્ય ગુરુમા સમાનંદ સરસ્વતીજી ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગ્રાઉન્ડમાં જગત જનની મા અંબાની આરતી ઉતારશે અને ત્યારબાદ ૯ કલાકે ગરબાનો આરંભ કરી દેવામાં આવશે.

પ્રથમ નોરતે કલ્ચરલ ફોરમના ગ્રાઉન્ડમાં 'સુરીલી સરગમ'ની ગીત-સંગીતની સંગત ગરબા રસિકોને માણવા મળશે.

નવરાત્રી ચારે કોર

પ્રથમ નોરતે ગીત-સંગીતની સંગત :

- ઉનાવા : ચાચર ચોકમાં શ્રી મહાકાલી માતાના મંદિરે તેજલ ઠાકોર, અને અનુપ (સ્વર મ્યુઝીકલ ગ્રુપ).
- સરઢવ : વારાહી ચોક ખાતે બંસરી કલાવૃંદના વિક્રમ ઠાકોર, શિલ્પા ઠાકોર.
- સરગાસણ : વેરાઈ માતાના મંદિર ખાતે સુરમધુર ગ્રુપના ધર્મેન્દ્ર નાયક.
- સૅક્ટર-૨૨ : ગબ્બર ચૉક ખાતે લાલઘર મ્યુઝીકલ ગ્રુપના ગાયક ભરતભાઈ ઠાકોર.
- સૅક્ટર-૪ : નવરાત્રી ચૉકમાં રતનસિંહ વાઘેલા (પેથાપુરવાળા).
- સૅક્ટર-૮ : નવરાત્રી ચૉકમાં જીતુ ભગત એન્ડ પાર્ટી.
- કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડ ખાતે સુરીલી સરગમ.
- લાયન્સ ક્લબ ગરબા ગ્રાઉન્ડ ખાતે ટૉપ શો ઑરકેસ્ટ્રા.
- થનગનાટ નવરાત્રી મહોત્સવમાં ઉમંગ ભટ્ટ.
- સૅક્ટર-૨૮ : જય અંબે ચૉકમાં શંભુજી ઠાકોર (ટીંટોડાવાળા) અને સાથી કલાકારો.
- સૅક્ટર-૬ એ : લોકનાદ ગ્રુપના કલાકારો.
- સૅક્ટર-૭ સી : શિવશક્તિ મંદિર ચૉક ખાતે લીલાબેન સોલંકી, કિશન મ્યુઝીકલ ગ્રુપ.
- સૅક્ટર-૩ બી : નવરાત્રી ચૉક ખાતે ગાયત્રી એન્ડ પાર્ટી.
- સૅક્ટર-૩ એ ન્યૂ સમગ્ર : બ્રહ્માણી મ્યુઝીકલ પાર્ટી (ધોળાકૂવાવાળા)

માડી આવીયા

ઝાંઝર પહેરીને માડી આવીયા રે !
રૂમઝૂમ રૂમઝૂમ રાત મારી માવડી... ઝાંઝર પહેરીને...
ચૂંદડી પહેરીને માડી આવીયા રે !
ફૂલફગર નવરાત મારી માવડી... ઝાંઝર પહેરીને...
કંકણ પહેરીને માડી આવીયા રે !
રણકી રહી છે રાત મારી માવડી... ઝાંઝર પહેરીને...
હારલા પહેરીને માડી આવીયા રે !
ઝગમગ ઝગમગ રાત મારી માવડી... ઝાંઝર પહેરીને...
ટીલડી ચોડીને માવડી આવીયા રે !
આભમાં થયો અજવાશ મારી માવડી... ઝાંઝર પહેરીને...
ગરબા ગાવાને માડી આવીયા રે !
થનગન થનગન રાત મારી માવડી... ઝાંઝર પહેરીને...

- રણછોડ વી પરમાર

લાયન્સ કલબ દ્વારા ૧૫મા નવરાત્રિ મહોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૧૫

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ચ-૩ નજીકસ્થિત મેદાનમાં ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ખેલૈયાઓને ગરબે ઘુમવા યોગ્ય મોકળાશ મળે તે મુજબ ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવ્યું છે. આચાર સંહીતાને ધ્યાને લઈ ગરબાનો સમય રાત્રિના ૯ થી ૧૨ વાગ્યા સુધીનો રાખવામાંઆવ્યો છે. લાયન્સ કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ અનિલ જયસિંઘાની તેમજ સેક્રેટરી નયન મધુકરે અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિ સાથે લાયન્સ કલબ દ્વારા પ્રતિવર્ષ નવરાત્રિ મહોત્સવનું પણ ભવ્ય આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ સતત ૧૫મા વર્ષેચ-૩ ગરાબ મેદાન ખાતે નવરાત્રિની ઉજવણી અન્વયે ગરબા ગ્રાઉન્ડ તૈયાર કરી દેવાયું છે. ૨૫,૪૦૦ ચોરસફૂટના ગરબા મેદાનમાં ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.જયારે ખાણી-પીણીની વ્યવસ્થા જાળવવા ફૂડકોર્ટ પણ તૈયાર કરી દેવાઈ છે. નવરાત્રિ દરમિયાન યોગ્ય સલામતી વ્યવસ્થાને અનુલક્ષી સિકયુરીટી ગાર્ડસ ઉપરાંત વિવિધ ૧૧ જગ્યાઓએ સી.સી.ટી.વી કેમેરા ગોઠવી દેવાયા છે. આ ઉપરાંત જરુરી મેટલ ડીટેકટરની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આચારસંહીતાને અનુલક્ષી ગરબાનો સમય ૯ થી ૧૨ વાગ્યા સુધીનો જ રહેશે તેમ પણ તેમણે જણાવ્યું છે. ગરબાનું લાઈવ પ્રસારણ ગાંધીનગર પોર્ટલની વેબસાઈટ પરથી કરવામાં આવશે.

ગૂગલ ટેકનોલોજી અંગેના વર્કશોપમાં રાજ્યના ૨૨૦ ભાવિ ઈજનેરો જોડાયા

ગાંધીનગર, તા. ૧૫

ગેટીંગ સ્ટાર્ટેડ વીથ ગુગલ ટેકનોલોજીકલ વિષય અંગે ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યૂટમાં વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં રાજ્યની વિવિધ ઈજનેરી કોલેજના ૨૨૦ જેટલા ભાવિ ઈજનેરો જોડાયા હતા.આ દરમિયાન ભાવિ ઈજનેરોએ ગુગલ ડેવલપ ગ્રૂપના નવા ચેપ્ટરની સ્થાપના કરી છે. ગાંધીનગર સ્થિત ધીરૂભાઈ અંબાણી આઈઆઈસીટીમાં ગુગલ ડેવલપર્સ ગ્રૂપ ટેકનિકલ વર્લ્ડ દ્વારા યોજાયેલા આ વર્કશોપ દરમિયાન ભાવિ ઈજનેરોને નવા ટુલ્સ અંગે સમજણ આપવામાં આવી હતી. આ ઈવેન્ટમાં એન્ડોઈડ, એમ.ટી.એમ. એલ-૫ ગુગલ ખેપ એન્જિન વિશે તજજ્ઞોએ સમજણ આપી હતી. વિવેક સિમવલે ડેરેક્ટર ઓફ પાવર ઈનોવેશન્સ, ગુગલ ખેપ એન્જીન અને ગુગલ વેબ ટુલ્સ ઉપર રીતેશ ખંભાસ્થાએ માહિતી પુરી પાડી હતી. આઈ.એમ.સી. ગ્રૂપના એમ.ઈ.ઓ. મિતેશ સંઘવીએ સોશ્યલ ગુગલ ડેવલપર્સ ગ્રૂપ ઉપર પ્રવચન આપ્યું હતું. ગુગલ ડેવલપર્સ અમદાવાદના મેનેજર પરેશ મયાણીએ એન્ડ્રોઈડના બેઝીક કન્સેપ્ટથી વિદ્યાર્થીઓને વાકેફ કર્યા હતા. વર્કશોપ દરમિયાન ગુગલ ડેવલપમેન્ટ ગ્રૂપના નવા ચેપ્ટરની સ્થાપના કરી હતી. જેના દ્વારા ઈજનેરીના વિદ્યાર્થીઓ નવી ટેકનોલોજીની આસાનીથી આપલે કરી શકશે. વર્કશોપમાં નિરમા, એલ.ડી., એલ.ડી.આર.પી. પી.ડી.પીજી. સહિત રાજ્યભરની વિવિધ કોલેજોએ ભાગ લીધો હતો. ગુગલ સમર ઓફ કોડમાં ધીરૂભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યૂટ એ દેશભરમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે.

ઉમા આર્ટ્સ કોલેજનાં ખેલાડીઓ સતત બારમી વાર હેન્ડબોલમાં ચેમ્પિયન

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સહેરની સેક્ટર-૨૩માં આવેલી ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજની હેન્ડબોલ ટીમે તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટીની ટુર્નામેન્ટમાં ચેમ્પિયનશીપ મેળવી છે. જેને કોલેજ પરિવારે હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. ગુજરાત યુનિવર્સિટીની તાજેતરમાં હેન્ડબોલ સ્પર્ધા યોજવામાં આવી હતી.

ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજની ટીમની રાધિકા વસાવા, ફાલ્ગુની મકવાણા, નિલમ વસાવા, પ્રેમીલા અસારી, નૂપૂર રાણવત, તના અમીધારા, ડાયના ગજ્જર અને માનસી મેદપરાએ સુંદર પ્રદર્શન કરી સતત ૧૨મી વખત ચેમ્પિયન બન્યા છે.

ટીમના દરેક ખેલાડીની જવલંત સફળતા બદલ કોલેજના આચાર્યા ડૉ. અમૃતાબેન પટેલ, રમતગમતના અધ્યાપક પ્રા. હરેશભાઈ પટેલે ખાસ અભિનંદન પાઠવ્યા છે.

અખિલ ભારતીય મુલ્કી સેવા ટેબલ ટેનિસ સ્પર્ધા સંપન્ન

ટુર્નામેન્ટમાં ભારતભરનાં વિવિધ રાજ્યોની ૨૫ ટીમોના ૨૬૨ જેટલા ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૫

કેન્દ્રીય મુલ્કી સેવા સાંસ્કૃતિક અને રમતગમત બોર્ડ, નવી દિલ્હી તથા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના કલ્યાણ તંત્ર દ્વારા સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા ગ્રાઉન્ડ, ગાંધીનગર ખાતે યોજાયેલ અખિલ ભારતીય મુલ્કી સેવા ટેબલ ટેનિસ સ્પર્ધા : ૨૦૧૨-૧૩નો સમાપન સમારોહ અધિક મુખ્ય સચિવ વરૂણ માયરાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

આ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ભારતભરનાં વિવિધ રાજ્યોની ૨૫ ટીમોના ૨૬૨ જેટલા ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં ૬૦ જેટલા ખેલાડીઓને સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ વરૂણ માયરાના હસ્તે ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ તેમજ ટ્રોફી આપીને સન્માનિત કરાયા હતા.

વરૂણ માયરાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ખેલ મહાકુંભના પ્રારંભથી રાજ્યના ખેલાડીઓ રમતગમત પ્રત્યે આકર્ષાયા છે. રમતગમતમાં ગુજરાતીઓ ભાગ લેતા થયા છે અને રમતગમતથી ગુજરાતીઓમાં ખેલદિલીનું વાતાવરણ બન્યું છે. તેના પરિણામ સ્વરૂપે આ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં ગુજરાતી ખેલાડીઓનો દબદબો રહ્યો છે. ઉલ્લેખનીય છે કે આ ટેબલ ટેનિસ સ્પર્ધામાં ગુજરાત સચિવાલય તરફથી વ્યક્તિગત રમતમાં દિવ્યા પંડ્યા, સપના શર્મા, માધવી રાજ્યગુરુ, પરેશ રાવલ, દિવ્યેશ કારિયા અને મોહિત વર્માએ મેડલ તેમજ આરએસબી વડોદરાની ટીમે પ્રથમ ટ્રોફી જીતી ગુજરાતનું ગૌરવ વધાર્યું હતું.

આ પ્રસંગે સામાન્ય વહીવટ વઈભાગના સચિવ કે નિવાસન, સાઈના ડિરેક્ટર એમ શ્યામ સુંદર, નાયબ સચિવ જવલંત ત્રિવેદી, ઉપસચિવ દિલીપ ઝવેરી અને ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શક્તિની ઉપાસનાનો આસો માસ નવલી નોરતાની રાત્રી લઈને આવી ગયો

શક્તિની ઉપાસના, સાધના, ભક્તિ, નવરાત્રીમાં વિશેષ ફળદાયક મનાઈ છે, તે સંસારના બંધનમાંથી વિમોચન માટે કારણરૂપ છે

પ્રસંગસર - શિવશંકર દવે

જીવનમાં કોઈપણ ધ્યેય સિદ્ધ કરવા માટે આદ્યશક્તિની અનિવાર્ય આવશ્યકતા છે. જ્ઞાન-વિજ્ઞાનમાં પારંગત થવા માટે કે ભૌતિક અથવા આધ્યાત્મિક સિદ્ધિ હાંસલ કરવા માટે આદ્યશક્તિની ઉપાસના અનિવાર્ય છે. આ શક્તિ તે સર્વ શક્તિ સ્વરૂપીણી દેવી દુર્ગા દેવીનાં નવ સ્વરૂપો. શૈલ પુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્ર ઘંટા, કુષ્માંડા, સ્કન્દ માતા, કાત્યાયની, કાલ રાત્રિ, મહાગૌરી અને નવમી સિદ્ધિદાત્રી દુર્ગા આ નામો વેદ ભગવાન દ્વારા કહેવાયાં છે.

આજે નવરાત્રીનો પ્રથમ દિવસ : માની પ્રાર્થના કરીએ.

પ્રાતર્ભજામી ભજતામ લિભાષદાત્રીં, ધાત્રીં સમસ્ત જગતાં હરિતાવહન્ત્રીમ્ । સંસાર બન્ધન વિમોચન હેતુ ભૂતાં, માયાં પરાં સમિધિગમ્ય પરસ્વર વિષ્ણો :॥

નવરાત્રીના પ્રથમ દિવસે પ્રાતઃ કાળમાં પરમ વિષ્ણુની માયાને ભજું છું. તે પોતાના ભજનારાઓના સર્વ અભિલાષો પુરા કરે છે. તે સમસ્ત જગતની ધાત્રી છે. તે દુરિત માત્રને હણનારી છે. તે સંસારના બંધનમાંથી વિમોચન માટે કારણરૂપ છે.

આમ શક્તિની ઉપાસના, સાધના, ભક્તિ, નવરાત્રીમાં વિશેષ ફળદાયક મનાઈ છે. માતા પ્રત્યેનો સમર્પણ ભાવ ભક્તિમાં રહેલો છે. માનવીનો અહંકાર જ તેની અને ઈશ્વરની વચ્ચે બાધા-અવરોધ ઊભી કરે છે. અને આથી જ અહંકારનું સમર્પણ ભક્તિ દ્વારા થાય છે. વ્યક્તિગત ઉપાધિમાંથી તાદાત્મ્ય દૂર કરીને પરમાત્મા-પરમેશ્વરી સાથે તાદાત્મ્ય સાધવું એ સમર્પણની પ્રક્રિયા છે, જે ભક્તિ દ્વારા જ પ્રાપ્ત થઈ શકે.

મોક્ષ માના સ્મરણ દ્વારા ભક્તિથી ભક્તો શક્ત પ્રાપ્ત કરી શકે છે. ભોગ અને મોક્ષ મેળવે છે.

જગતનું સંચાલ જેના વડે થઈ રહ્યું છે તે નિયતિ છે. માનવના લોભ, સ્વાર્થ વગેરે દુર્ગુણો સહજ રીતે વણાયેલા છે. આ બધું કોઈ અગોચર શક્તિથી થતું હોઈ માનવ પોતાની મર્યાદાને બુદ્ધિ દ્વારા જ્યારે સમજી શકતો નથી, તેની મર્યાદા પૂર્ણ થાય છે, ત્યારે તે પરમેશ્વરને, પરમેશ્વરીને પ્રાર્થના કરે છે. આત્મ સંયમ, શ્રદ્ધા, પ્રાર્થના દ્વારા કોઈ અગોચર શક્તિને પ્રસન્ન કરવા પ્રાર્થના કરે છે. અને શક્તિ, શાન્તિ મેળવે છે. આ શક્તિ તે માની ભક્તિ. સૌ પોતપોતાની શક્તિ-બુદ્ધિ, અને પ્રકૃતિ પ્રમાણે આરાધના કરે છે. અગોચર શક્તિ મદદરૂપ થાય છે.

નવરાત્રીના નવ દિવસ દેવીની પ્રાર્થનાથી જેમ બેટરી ચાલુ થતાં તેમાં વિદ્યુતશક્તિની જ્યોત પ્રગટ થાય છે તેમ વિદ્યુત પ્રવાહ રૂપે માનવ જીવનમાં સુષુપ્ત રહેલી શક્તિ ક્રિયાશક્તિમાં પરિણમે છે. વિજળી વેગે આગળ ધપે છે. ભૌતિક અને આધ્યાત્મિક બંને અંધકાર, અજ્ઞાનતા આ પરાશક્તિથી ક્રિયાશીલ બને છે.

માતાજી જ વિદ્યુત શક્તિ છે. સૂર્યનો પ્રકાશ સાગરની ઊંડાઈ, શરીરનું સંચાલન, પુષ્પની સુવાસ અને સુગંધ, ધ્વનિમાં સંગીતના સુર તેની કૃપાથી ઉત્પન્ન થાય છે. આપણા શરીરની રચના, ખોરાક, પાચન અને શક્તિનો નિરાંતે વિચાર કરીએ, સૃષ્ટિ વૃક્ષો અને અન્ય ચેતન જીવોમાં આ જ મા ભગવતીની શક્તિથી જ સંચાલન થાય છે. નવરાત્રીમાં પહેલા ત્રણ દિવસો મહાકાલીની-દુર્ગાની આરાધના માટે કરવામાં આવ્યા છે. ગુજરાતનું સદ્‌ભાગ્ય છે કે મહાકાળીની શક્તિપીઠ પાવાગઢમાં છે. આ સમય દરમ્યાન શક્તિ દેવી મહાકાલીની પ્રાર્થના મનવાંછિત ફળ આપે છે. પછીના ત્રણ દિવસ મહાલક્ષ્મીની ઉપાસના માટે છે. મહાલક્ષ્મી સામર્થ્ય, ઐશ્વર્ય, વૈભવની દેવી છે, વિષ્ણુ પત્ની છે. વૈશ્ણવો રાધા સ્વરૂપને માને છે. રાધા બિન કાન આધા. કૃષ્ણ રાધા વગર અડધો છે. શિવ પણ મા અંબા સિવાય અધૂરા છે. અને આથી જ અર્ધનારીશ્વર સ્વરૂપમાં શિવ-શિવાનું પૂજન થાય છે.

છેલ્લાં ત્રણ દિવસ મહા સરસ્વતીની આરાધનાના છે. 'બુદ્ધિ રૂપેણ સંસ્થિતા' એવી ભગવતી બુદ્ધિની દેવી સરસ્વતી છે. જ્ઞાનીઓ, લેખકો, કવિઓની આ દેવી વાણી અને લેખન શક્તિ આપે છે. આદ્ય શક્તિ શારીરિક, માનસિક, લક્ષ્મી અને સરસ્વતી વિદ્યા, બુદ્ધિની દેવી છે. તેથી તેની ઉપાસના નવરાત્રીમાં થાય છે.

હવે ગરબા-બહેનોના રાજમાં રહ્યા નથી. પુરુષો પણ ગરબી ભૂલીને નવરાત્રીમાં બહેનો સાથે જ ગરબા લે છે. સારું છે. જીવનનો ઉત્સાહ, તરવરાટ, જોમ શરીર અને મનનું સૌંદર્ય પ્રગટ કરે છે. આ જોવું પણ લ્હાવો છે. મહિષાસુરનો નાશ કરનારી દેવી માનવ જીવનમાંથી આસુરી શક્તિનો નાશ કરો. એ જ પ્રાર્થના સાથે મા દુર્ગાનું શરણ લઈએ ને જયા નામવાળી દુર્ગાનું ધ્યાન ધરું છું. મસ્તક ઉપર ચંદ્રલેખા છે, ત્રણ નેત્રવાળી છે, શત્રુને ભય આપનારી છે, શંખ, ચક્ર, કૃપાણ, ત્રિશૂળધારી છે. સિંધુના ખભા ઉપર વિરાજમાન છે. સિદ્ધિની ઈચ્છાવાળો તેની સેવા કરે છે. હે મા દુર્ગા, સૌનું કલ્યાણ કર. આસુરી શક્તિનો નાશ કર. મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી, તને હજારો વંદન.